**માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ મળેલ અરજીઓ અને અપીલોની માહિતી માટે રજિસ્ટર નિભાવવા બાબત.**

**ગુજરાત સરકાર**
સામાન્ય વહીવટ વિભાગ
**પરિપત્ર ક્રમાંક : વહસ/૧૦/૨૦૦૫/૨૫૫૬/ભાગ–૧/આર.ટી.આઇ. સેલ**
સચિવાલય, ગાંધીનગર
**તારીખ : ૦૩/૧૦/૨૦૧૩**

6908478

**સંદર્ભ :** (૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૫/૦૫/૨૦૦૯ નો પરિપત્ર ક્રમાંક : વહસ/૧૦/૨૦૦૫/૨૫૫૬/આર.ટી.આઇ. સેલ
(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૭/૦૯/૨૦૧૩ નો પરિપત્ર ક્રમાંક : પરચ/૧૦/૨૦૧૨/૯૧/આર.ટી.આઇ. સેલ
(૩) રાજ્ય માહિતી આયોગનો તા.૦૪/૦૯/૨૦૧૩ નો પત્ર ક્રમાંક : GIC/ADM/PAD/Resolution/2013

**પરિપત્ર:**

માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ જાહેર સત્તામંડળો પાસેથી માહિતી મેળવવા માટે અરજદારશ્રીઓ દ્વારા કરવામાં આવતી અરજીઓની માહિતી નિયત નમૂનામાં રજિસ્ટર નં. ૧ મુજબ અને અપીલોની માહિતી રજિસ્ટર નં. ૨ મુજબ નિભાવવા માટે દરેક જાહેર સત્તામંડળને ઉપર સંદર્ભ (૧) માં દર્શાવેલ તા.૨૫/૦૫/૨૦૦૯ ના પરિપત્રથી સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે. આ સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવામાં આવે અને નિયત રજિસ્ટર નં. ૧ અને ૨ માં અરજીઓ અને અપીલોની માહિતી અચૂક નિભાવવામાં આવે તે માટે તમામ જાહેર સત્તામંડળને સંદર્ભ (૨) માં દર્શાવેલ તા.૦૭/૦૮/૨૦૧૩ ના પરિપત્રથી પુનઃ સૂચનાઓ આપવામાં આવેલ છે.

૨. રાજ્યના તમામ જાહેર સત્તામંડળને માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ મળતી અરજીઓ અને અપીલોની માહિતી ઉપર દર્શાવ્યા મુજબ નિયત રજિસ્ટરમાં નિભાવવા માટેની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે છતાં પણ રાજ્ય માહિતી આયોગના ઉપર સંદર્ભ (૩) માં દર્શાવેલ તા.૦૪/૦૯/૨૦૧૩ ના પત્રમાં દર્શાવ્યા મુજબ મોટાભાગના જાહેર સત્તામંડળો તેમને મળેલ અરજીઓની માહિતી માટે જરૂરી રજિસ્ટર નિભાવતા નથી, પરિણામે માહિતી મેળવવા માટેની અરજીઓ ક્યારે મળી ? આવી અરજીઓના સંબંધમાં શું કાર્યવાહી કરવામાં આવી ? માહિતી ક્યારે આપવામાં આવી? આપેલ માહિતીની સામે પ્રથમ અપીલ થઇ છે કે કેમ ? અને તેની અંતિમ પરિસ્થિતિ શું છે ? તેવી વિગતો જાહેર સત્તામંડળો પાસે હોતી નથી. આ ઉપરાંત રાજ્ય માહિતી આયોગ સમક્ષ બીજી અપીલ કરવામાં આવે તેવા કિસ્સામાં રાજ્ય માહિતી આયોગ તરફથી સુનાવણીની નોટીસ આપવામાં આવે ત્યારે

સંખ્યાબંધ કિસ્સાઓમાં સચિવાલયના વિભાગો સહિતના જાહેર સત્તામંડળો દ્વારા જે કેસ માટે અપીલ કરવામાં આવી હોય, તે કેસના સંબંધિત મૂળ કાગળો અને પત્ર વ્યવહારની નકલોની માંગણી રાજ્ય માહિતી આયોગ પાસે કરવામાં આવે છે અને આ કાગળોની માંગણીનું કારણ **" કાગળો કચેરીમાં ઉપલબ્ધ થતાં નથી "** તેવું દર્શાવવામાં આવે છે. રાજ્ય માહિતી આયોગ જે તે જાહેર સત્તામંડળને માંગણી મુજબ કાગળોની વિગતો આપે છે પરંતુ આના કારણે રાજ્ય માહિતી આયોગના કાર્યાલયની કામગીરીનો બોજ બિન-જરૂરી રીતે વધે છે. આથી તમામ જાહેર સત્તામંડળ દ્વારા માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ મળતી અરજીઓ અને અપીલની માહિતી દર્શાવતું નિયત રજિસ્ટર નિભાવવા માટે રાજ્ય માહિતી આયોગ તરફથી નીચે મુજબ સૂચના આપવામાં આવેલ છે.

માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ ની કલમ-૧૫ (૪) અને કલમ-૧૯ (૮) હેઠળ પ્રાપ્ત થતી સત્તાની રૂએ રાજ્ય માહિતી આયોગ દ્વારા નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

***"સચિવાલયના વિભાગો સહિતના રાજ્યના તમામ જાહેર સત્તામંડળોએ માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ મળતી અરજીઓ અને અપીલોની વિગતો દર્શાવતું રજિસ્ટર નિભાવવાનું રહેશે અને આ રજિસ્ટર નિભાવવાનું શરૂ કરેલ છે તે મુજબનું પ્રમાણપત્ર જે તે જાહેર સત્તામંડળના વડાએ તેમના ખાતાના વડા મારફતે સરકારશ્રીને રજૂ કરવાનું રહેશે અને આવા પ્રમાણપત્રની એક નકલ રાજ્ય માહિતી આયોગને પણ મોકલી આપવાની રહેશે. આ સૂચનાનો અમલ આગામી છ માસમાં ચુસ્ત રીતે થાય તે મુજબ તમામ જાહેર સત્તામંડળોએ આ કાર્યવાહી કરવાની રહેશે."***

૩. સંદર્ભ (૧) માં દર્શાવેલ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫/૦૫/૨૦૦૯ ના પરિપત્રથી સૂચવ્યા મુજબ માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ મળેલ અરજીઓ અને અપીલોની માહિતી નિયત નમૂનાના રજિસ્ટર – ૧ અને ૨ માં દરેક જાહેર સત્તામંડળે નિભાવવાની રહેશે અને આ પ્રમાણે રજિસ્ટર નિભાવવાનું શરૂ કરેલ છે તે મુજબનું પ્રમાણપત્ર રાજ્ય માહિતી આયોગે સૂચવ્યા મુજબ દરેક જાહેર સત્તામંડળે સરકારશ્રીને અને રાજ્ય માહિતી આયોગને મોકલી આપવાનું રહેશે. રાજ્ય માહિતી આયોગની ઉપર દર્શાવેલ સૂચનાઓ મુજબ જરૂરી કાર્યવાહી કરવા અને આ સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવા માટે આથી રાજ્યના તમામ જાહેર સત્તામંડળોને અનુરોધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Patel

(બી. સી. પટેલ)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ

૩૨૭/૫૧

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ માન. મંત્રીશ્રીઓ / રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ / સંસદીય સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, સેકટર-૧૮, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- ડેપ્યુટી ડાયરેક્ટર જનરલશ્રી, સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, અમદાવાદ.
- સચિવાલયના સર્વે વિભાગો.
  - આ સૂચનાઓ તેમના વહીવટી નિયંત્રણ હેઠળના તમામ જાહેર સત્તામંડળોને તાકીદે પરિપત્રિત કરવા વિનંતી છે.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રી.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
- સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી.
- સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ.
- ના.સે.અધિકારીની સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.

---

- પત્ર દ્વારા

અગત્યનું/R.T.I/

ક્રમાંક:પરચ/૧૦૨૦૧૩/૧૨૦૪/અ-૩
કૃષિ અને સહકાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૦/૧૦/૨૦૧૩

પ્રતિ,
- વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ/ બોર્ડ/ કોર્પોરેશન/ નિગમ/ એજન્સીઓ/ કૃષિ યુનિવર્સિટીઓ ઉક્ત બાબતે જાણ તથા જરૂરી કાર્યવાહી થવા સારું.

સેક્શન અધિકારી
કૃષિ અને સહકાર વિભાગ.



૯૩૨૯
2 NOV 2013
એડીએમ-૩ શાખા
2 NOV 2013

બિડાણઃ સેકશન અધિકારી,કૃષિ અને સહકાર વિભાગ,સચિવાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ પરચ/૧૦૨૦૧૩/
૧૨૦૪/મ.૩ તાઃ૧૦.૧૦.૨૦૧૩

**વિષયઃ** માહિતી નો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ મળેલ અરજીઓ અને અપીલોની માહિતી માટે રજીસ્ટર નિભાવવા બાબત.....

---

**જા.નં.નકૃયુ/રજી/અ.૩.૩/RTI/** ૨૫૦૬૦-૨૦૭ **/૨૦૧૩.** **તારીખઃ૨૦/૧૧/૨૦૧૩.**

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**સામેલઃ** ઉપર મુજબ.

**નકલ સવિનય રવાના જાણ તેમજ અમલ થવા સારું :–**

(૧) નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ જાહેર માહિતી અધિકારીશ્રી તથા અપીલ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારું.